# HISTORY

**PAPER-II**

**OCT-14/08**

Name & Signature of the Invigilator

..............................................

..............................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : .....................................

.................................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**
5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પાછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર—૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

## HISTORY

## PAPER - II

## ઈતિહાસ

## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, 'સાચું-ખોટું'ના પ્રશ્ન અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. The term 'culture' is used by archaeologists to indicate :

   (A) Human residence

   (B) A layer at a site with a similar assemblage of tools

   (C) Burials

   (D) Indication of domestication of animals

2. Which of the following *mahajanapadas* was located in the Deccan ?

   (A) Ashmaka

   (B) Panchala

   (C) Vatsa

   (D) Chedi

1. 'સંસ્કૃતિ' શબ્દને પુરાતત્વવિદો કયા અર્થમાં પ્રયોજે છે ?

   (A) માનવ વસવાટ

   (B) કોઈ પણ પુરાસ્થળે એક સમાન ઓજારો ધરાવતો સ્તર

   (C) દફન

   (D) પાલતુ પ્રાણીઓના પુરાવા

2. નીચેનામાંથી કયું મહાજનપદ દખ્ખણમાં આવેલું હતું ?

   (A) અશ્મક

   (B) પાંચાલ

   (C) વત્સ

   (D) ચેદી

3. How many major rivers are mentioned in the Rigveda ?

(A) Seven

(B) Thirty-five

(C) Twenty-five

(D) Twenty

3. ઋગ્વેદમાં મુખ્ય ગણાય તેવી કેટલી નદીઓનો ઉલ્લેખ થયેલો છે ?

(A) સાત

(B) પાંત્રીસ

(C) પચીસ

(D) વીસ

4. "*Kangyur*" and "*Tangyur*", the sources for ancient Indian history are from :

(A) Bihar

(B) Tibet

(C) China

(D) Ceylon (Sri Lanka)

4. પ્રાચીન ભારતના ઇતિહાસની જાણકારી માટેનાં સ્રોત 'કાંગ્યુર' અને 'તાંગ્યુર' કયા પ્રદેશના છે ?

(A) બિહાર

(B) તિબેટ

(C) ચીન

(D) સિલોન (શ્રીલંકા)

5. The special category in which women served the rulers in the Sangam Age was as :

(A) Dancers

(B) *Tambulvahini*

(C) Bodyguards

(D) Accountants

5. સંગમયુગમાં રાજવીઓની સેવા કરતી સ્ત્રીઓનો એક વિશિષ્ટ વર્ગ કયો હતો ?

(A) નૃત્યાંગના

(B) તાંબુલવાહિની

(C) અંગરક્ષક

(D) હિસાબનીશ

6. The important sea port of Gujarat in the early centuries of the Common Era was :

(A) Bhrugukachchha

(B) Stambhatirtha

(C) Surat

(D) Sopara

7. The oldest university of ancient India was located at :

(A) Takshashila

(B) Nalanda

(C) Vikramashila

(D) Vallabhi

8. Who was the governor of Gujarat during the reign of Ashoka ?

(A) Rudradaman

(B) Tushaspa

(C) Pushyagupta

(D) Chakrapalita

6. ઈ.સ.ની પ્રારંભિક સદીઓમાં ગુજરાતનું મહત્વનું બંદર કયું હતું ?

(A) ભૃગુકચ્છ

(B) સ્તંભતીર્થ

(C) સુરત

(D) સોપારા

7. પ્રાચીન ભારતની સૌથી જૂની વિદ્યાપીઠ કયાં આવેલી હતી ?

(A) તક્ષશિલા

(B) નાલંદા

(C) વિક્રમશિલા

(D) વલ્લભી

8. અશોકના સમયમાં ગુજરાતનો સૂબો કોણ હતો ?

(A) રુદ્રદામન

(B) તુશાષ્પ

(C) પુષ્યગુપ્ત

(D) ચક્રપાલિત

9. A king of early India credited for having destroyed "the pride and conceit of the Kshatriyas" was :

(A) Kharavela

(B) Simuka Satavahana

(C) Pushyamitra Sunga

(D) Gautamiputra Satakarni

10. Who among the following queens of Gujarat was actively associated with administration ?

(A) Minal Devi

(B) Ranak Devi

(C) Deval Devi

(D) Udayamati

9. 'ક્ષત્રિયોના ગૌરવ અને ગર્વ'નું ખંડન કરવાનું બહુમાન પ્રાચીન ભારતનાં કયા રાજાને મળ્યું હતું ?

(A) ખારવેલ

(B) સીમુક સાતવાહન

(C) પુષ્યમિત્ર શુંગ

(D) ગૌતમીપુત્ર સાતકર્ણી

10. ગુજરાતની નીચેની રાણીઓમાંથી કોણ સક્રિય રીતે વહીવટમાં સામેલ હતી ?

(A) મીનળદેવી

(B) રાણકદેવી

(C) દેવલદેવી

(D) ઉદયમતી

11. Which of the following dynasties did *not* have matrimonial alliance with Chandra Gupta II ?

(A) Lichchhavi

(B) Kuntala

(C) Vakataka

(D) Naga

12. Which of the following was the capital of the Rashtrakutas ?

(A) Kalyani

(B) Vengi

(C) Badami

(D) Manyakheta

13. In which state was Adi Shankaracharya born ?

(A) Kerala

(B) Tamil Nadu

(C) Karnataka

(D) Orissa

11. ચંદ્રગુપ્ત બીજા સાથે લગ્નસંબંધો ન હોય તેવો રાજવંશ નીચેનામાંથી કયો હતો ?

(A) લિચ્છવી

(B) કુંતલ

(C) વાકાટક

(D) નાગ

12. નીચેનામાંથી રાષ્ટ્રકૂટોની રાજધાની કઈ હતી ?

(A) કલ્યાણી

(B) વેંગી

(C) બાદામી

(D) માન્યખેટ

13. આદિ શંકરાચાર્યનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?

(A) કેરલ

(B) તમિલનાડુ

(C) કર્ણાટક

(D) ઓરિસ્સા

14. Which of the following products was received primarily through the overland trade routes ?

(A) Jade

(B) Ceramics

(C) Amber

(D) Silk

14. નીચેનામાંથી કઈ વસ્તુ મુખ્યત્વે જમીની વેપારીમાર્ગ મારફતે આવતી હતી ?

(A) નીલરત્ન

(B) માટીકામની વસ્તુઓ

(C) અંબર

(D) રેશમ

15. The term 'bhukti' denotes :

(A) A large administrative unit

(B) A large village

(C) An urban centre

(D) An owner of land

15. 'ભુક્તિ' શબ્દ શું સૂચવે છે ?

(A) વિશાળ વહીવટી એકમ

(B) મોટું ગામ

(C) શહેરી મથક

(D) જમીનમાલિક

16. The earliest Parsi settlements in India are to be found at :

(A) Surat and Bharuch

(B) Sanjan and Dahanu

(C) Kalyan and Sopara

(D) Bharuch and Daman

16. ભારતમાં સૌ પ્રથમ પારસી વસાહત ક્યાં મળી આવી છે ?

(A) સુરત અને ભરુચ

(B) સંજાણ અને દહાણુ

(C) કલ્યાણ અને સોપારા

(D) ભરૂચ અને દમણ

17. In 1347, a rebellion broke out against Muhammad bin Tughlaq in the province of :

(A) Gujarat

(B) Berar

(C) Devagiri

(D) Khambhat

17. સન ૧૯૪૭માં મુહમ્મદ બિન તુગલક સામે કયા પ્રાંતમાં બળવો થયો હતો ?

(A) ગુજરાત

(B) વરાડ

(C) દેવગિરિ

(D) ખંભાત

18. The Gujarat Sultanate was established in :

(A) 1345

(B) 1349

(C) 1385

(D) 1391

18. ગુજરાતની સલ્તનતની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

(A) 1345

(B) 1349

(C) 1385

(D) 1391

19. Which of the following European travellers came to India in the 15th century ?

(A) Duarte Barbosa

(B) Ludovico di Varthema

(C) Niccolo Conti

(D) Alexander Hamilton

19. નીચેનામાંથી કયો યુરોપિયન પ્રવાસી પંદરમી સદીમાં ભારત આવ્યો હતો ?

(A) ડ્યુઆર્ટ બાર્બોસા

(B) લુડોવીકો દ વર્થેમા

(C) નિકોલો કોન્તી

(D) એલેકઝાન્ડર હેમિલ્ટન

20. The calculation *fasli* or harvest year was started by :

(A) Humayun

(B) Sher Shah

(C) Akbar

(D) Malik Ambar

20. 'ફસલી' અથવા લણણીના વર્ષની ગણતરીનો પ્રારંભ કોણે કર્યો હતો ?

(A) હુમાયૂં

(B) શેરશાહ

(C) અકબર

(D) મલિક અંબર

21. Who is the author of *Kanhadade Prabandh* ?

(A) Hemachandracharya

(B) Merutunga

(C) Padmanabha

(D) Udyotana Suri

21. 'કાન્હડદે પ્રબંધ' કોની કૃતિ છે ?

(A) હેમચંદ્રાચાર્ય

(B) મેરુતુંગ

(C) પદ્મનાભ

(D) ઉદ્યોતન સૂરિ

22. The carving of *Naga-Shakha* on door jambs is typical of temple architecture of the :

(A) Chandella

(B) Paramara

(C) Chandella and Solanki

(D) Chandella and Paramara

23. In which city would you find the mosque with the "shaking minarets" ?

(A) Hyderabad

(B) Lucknow

(C) Patan

(D) Ahmedabad

22. બારશાખ પર નાગશાખાની કોતરણી એ કયા શાસકોના મંદિર સ્થાપત્યની વિશિષ્ટતા છે ?

(A) ચંદેલ

(B) પરમાર

(C) ચંદેલ અને સોલંકી

(D) ચંદેલ અને પરમાર

23. ઝૂલતા મિનારા સાથેની મસ્જિદ કયા શહેરમાં આવેલી છે ?

(A) હૈદરાબાદ

(B) લખનૌ

(C) પાટણ

(D) અમદાવાદ

24. The term "*Rumi Diaspora*" has been used to refer to :

(A) Merchants of Turkish origin who settled outside the Ottoman empire

(B) Merchants of Persian origin settled in India

(C) Merchants of Indian origin settled in China

(D) Merchants of Egyptian origin settled in Turkey

24. 'રુમી ડાયાસ્પોરા' શબ્દ શું સૂચવે છે ?

(A) ઓટોમન સામ્રાજયની બહાર વસેલા તુર્કી મૂળના વેપારીઓ

(B) ભારતમાં વસેલા ઈરાની મૂળના વેપારીઓ

(C) ચીનમાં વસેલા ભારતીય મૂળના વેપારીઓ

(D) તુર્કીમાં વસેલા ઇજિપ્તી મૂળના વેપારીઓ

25. The author of *Surata Sangrama* and *Shringaramala* is :

(A) Bhalana

(B) Mandana

(C) Narsimha Mehta

(D) Shamaladasa Bhatt

25. 'સુરતસંગ્રામ' અને 'શૃંગારમાલા'ના લેખક કોણ છે ?

(A) ભાલણ

(B) માંડણ

(C) નરસિંહ મહેતા

(D) શામળદાસ ભટ

26. Match the books in List I with the authors in List II :

| List I | | List II | |
|---|---|---|---|
| *(i)* | *Prabodh Batrisi* | (1) | Dayaram |
| *(ii)* | *Rasik Vallabh* | (2) | Mandan |
| *(iii)* | *Okhaharan* | (3) | Premanand Bhatt |
| *(iv)* | *Padmavati* | (4) | Shamal |

| | *(i)* | *(ii)* | *(iii)* | *(iv)* |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (3) | (4) |
| (B) | (1) | (2) | (3) | (4) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (4) | (2) | (1) | (3) |

26. યાદી Iમાંના ગ્રંથોને યાદી IIમાંના લેખકો સાથે જોડો :

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| *(i)* | પ્રબોધબત્રીસી | (1) | દયારામ |
| *(ii)* | રસિકવલ્લભ | (2) | માંડણ |
| *(iii)* | ઓખાહરણ | (3) | પ્રેમાનંદ ભટ |
| *(iv)* | પદ્માવતી | (4) | શામળ |

| | *(i)* | *(ii)* | *(iii)* | *(iv)* |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (3) | (4) |
| (B) | (1) | (2) | (3) | (4) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (4) | (2) | (1) | (3) |

27. The port of Daman was, according to the Portuguese, guarded by :

(A) Marathas and Abyssinians

(B) Abyssinians and Turks

(C) Egyptians and Gujaratis

(D) Arabs and Turks

27. પોર્ટુગીઝોના કથન પ્રમાણે દમણ બંદરની સુરક્ષા કોણ કરતું હતું ?

(A) મરાઠાઓ અને એબિસિનિયન્સ (સીદીઓ)

(B) એબિસિનિયન્સ (સીદીઓ) અને તુર્કો

(C) ઇજિપ્તીઓ અને ગુજરાતીઓ

(D) આરબો અને તુર્કો

28. The Portuguese first landed in India at :

(A) Calicut

(B) Cochin

(C) Cannanore

(D) Quilon

29. The *sarrafs* of north India were primarily :

(A) Jewellers

(B) Money changers and bankers

(C) Moneylenders

(D) Dealers in gold

30. '*Vishishtadvaitavada*' is the philosophical belief system propounded by :

(A) Ramanuja

(B) Madhva

(C) Nimbarka

(D) Vallabha

28. ભારતમાં પોર્ટુગીઝો સૌ પ્રથમ ક્યાં ઊતર્યા હતા ?

(A) કાલીકટ

(B) કોચીન

(C) કન્નાનોર

(D) ક્વિલોન

29. ઉત્તર ભારતમાં શરાફો મૂળભૂત રીતે કોણ હતા ?

(A) ઝવેરીઓ

(B) નાણાંવટી અને બેંકરો

(C) નાણાં ધીરનારા

(D) સોનાના વેપારીઓ

30. 'વિશિષ્ટતાદ્વૈતવાદ' એ કોની તત્વવિચારધારા છે ?

(A) રામાનુજ

(B) મધ્વ

(C) નિમ્બાર્ક

(D) વલ્લભ

31. Which city in India has built a 15.8 m high 'Gandhi Stupa' dedicated to Mahatma Gandhi ?

(A) Ranchi, Jharkhand

(B) Mumbai, Maharashtra

(C) Vijaywada, Andhra Pradesh

(D) Porbandar, Gujarat

31. મહાત્મા ગાંધીને સમર્પિત 15.8 મીટર ઊંચો 'ગાંધી સ્તૂપ' ભારતના કયા શહેરમાં આવેલો છે ?

(A) રાંચી, ઝારખંડ

(B) મુંબઈ, મહારાષ્ટ્ર

(C) વિજયવાડા, આંધ્ર પ્રદેશ

(D) પોરબંદર, ગુજરાત

32. Name the Governor-General who reviewed the settlement of 1822, which resulted in the introduction of the *mahalwari* system :

(A) Lord Wellesley

(B) Lord Hastings

(C) Lord Bentinck

(D) Lord Auckland

32. જેને પરિણામે મહાલવારી વ્યવસ્થા અમલમાં આવી તે ૧૮૨૨ની મહેસૂલ વ્યવસ્થાની સમીક્ષા કરનાર ગવર્નર જનરલનું નામ આપો :

(A) લૉર્ડ વેલેસ્લી

(B) લૉર્ડ હેસ્ટિંગ્સ

(C) લૉર્ડ બેન્ટિંક

(D) લૉર્ડ ઓકલેન્ડ

33. Where was the *Swadeshi Udyog Vardhak Mandal* established in 1876 ?

(A) Surat

(B) Ahmedabad

(C) Rajkot

(D) Navsari

33. 1876માં સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળની સ્થાપના કયાં થઈ હતી ?

(A) સુરત

(B) અમદાવાદ

(C) રાજકોટ

(D) નવસારી

34. Who wrote *Poverty and Un-British Rule in India* ?

(A) Dinshaw Wacha

(B) Dadabhai Naoroji

(C) R. C. Dutt

(D) Charles Wood

34. 'પોવર્ટી એન્ડ અન-બ્રિટિશ રૂલ ઈન ઇન્ડિયા' પુસ્તક કોણે લખ્યું હતું ?

(A) દિનશા વાચ્છા

(B) દાદાભાઈ નવરોજી

(C) આર. સી. દત્ત

(D) ચાર્લ્સ વુડ

35. Who initiated the Kuka movement in Punjab (1860-72) ?

(A) Baba Ram Singh

(B) Birsa Munda

(C) Majnu Shah

(D) Cheragh Ali

35. પંજાબમાં કુકા આંદોલનની શરૂઆત કોણે કરી હતી (1860-72) ?

(A) બાબા રામ સિંઘ

(B) બીરસા મુંડા

(C) મંજુ શાહ

(D) ચિરાગ અલી

36. Who founded the Theosophical Society in 1886 ?

(A) Madame Blavatsky and Col. Olcott

(B) Annie Besant

(C) Madan Mohan Malviya

(D) Col. Olcott

36. 1886માં થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી ?

(A) મેડમ બ્લાવેટસ્કી અને કર્નલ આલકોટ

(B) એની બેસન્ટ

(C) મદનમોહન માલવીય

(D) કર્નલ ઓલકોટ

37. Name the painter who made the portrait of the historic proceedings of court against Mahatma Gandhi and Shankarlal Banker in 1922 :

(A) Ravishankar Raval

(B) Chamanlal Bhatt

(C) Vadilal Sarabhai

(D) R. S. Broomfield

37. 1922માં મહાત્મા ગાંધી અને શંકરલાલ બેંકર સામે ચાલેલા ઐતિહાસિક ખટલાનું ચિત્ર તૈયાર કરનાર ચિત્રકારનું નામ આપો :

(A) રવિશંકર રાવળ

(B) ચમનલાલ ભટ

(C) વાડીલાલ સારાભાઈ

(D) આર. એસ. બ્રૂમ ફીલ્ડ

38. Who formed the *Rashtriya Vidyarthi Sangram Samiti*, the Students' Wing, in favour of the Quit India Movement in 1942 ?

(A) Nirubhai Desai

(B) Jayanti Thakor

(C) Ramniklal Shah

(D) Umakant Kadia

38. 1942ની હિંદ છોડો ચળવળનું સમર્થન કરતી વિદ્યાર્થીઓની શાખા 'રાષ્ટ્રીય વિદ્યાર્થી સંગ્રામ સમિતિ'ની રચના કોણે કરી હતી ?

(A) નીરુભાઈ દેસાઈ

(B) જયંતિ ઠાકોર

(C) રમણિકલાલ શાહ

(D) ઉમાકાંત કડિયા

39. The British administration in India was said to have been based on :

(A) The three pillars of the Civil Service, the Army and the Police

(B) The two pillars of the Civil Service and the Police

(C) The Army

(D) The four pillars of the Civil Service, the Army, the Police and the Judiciary

39. ભારતની બ્રિટિશ વહીવટી વ્યવસ્થા શેના પર આધારિત હતી એમ કહેવાતું ?

(A) સનદી સેવા, લશ્કર અને પોલીસ, એ ત્રણ આધારસ્તંભો

(B) સનદી સેવા અને પોલીસ એ બે આધારસ્તંભો

(C) લશ્કર

(D) સનદી સેવા, લશ્કર, પોલીસ અને ન્યાયતંત્ર એ ચાર આધારસ્તંભો

40. During the British period, under which Act was election introduced in India ?

(A) 1906

(B) 1907

(C) 1909

(D) 1913

41. The Wardha Scheme of Basic Education (1937) was prepared by :

(A) S. Radhakrishnan

(B) Jay Prakash Narayan

(C) Dr. Zakir Hussain

(D) Dr. Rajendra Prasad

40. બ્રિટિશ યુગ દરમ્યાન કયા કાયદા અનુસાર ભારતમાં ચૂંટણી દાખલ કરાઈ હતી ?

(A) 1906

(B) 1907

(C) 1909

(D) 1913

41. બુનિયાદી શિક્ષણ માટેની વર્ધાયોજના (1937) કોણે તૈયાર કરી હતી ?

(A) એસ. રાધાકૃષ્ણન

(B) જયપ્રકાશ નારાયણ

(C) ડો. ઝાકીર હુસેન

(D) ડો. રાજેન્દ્ર પ્રસાદ

42. Sir Charles Wood's Despatch of 1854 dealt primarily with :

(A) Administrative Reforms

(B) Social Reforms

(C) Economic Reforms

(D) Educational Reforms

43. According to the Indian Councils Act of 1861, the enlarged Governor General's Council was known as :

(A) Imperial Legislative Council

(B) Executive Council

(C) Viceregal Council

(D) Legislative Assembly

44. How many Princely States existed in Pre-independent India ?

(A) 663

(B) 562

(C) 625

(D) 521

42. 1854નો સર ચાર્લ્સ વુડનો ખરીતો મુખ્યત્વે શેને સ્પર્શતો હતો ?

(A) વહીવટી સુધારા

(B) સામાજિક સુધારા

(C) આર્થિક સુધારા

(D) શૈક્ષણિક સુધારા

43. 1861ના 'હિન્દી મહાસભાના કાયદા' (ઇન્ડિયન કાઉન્સિલ્સ ઍક્ટ) અનુસાર વિસ્તૃત કરાયેલી ગવર્નર જનરલની કાઉન્સિલ કયા નામે ઓળખાતી હતી ?

(A) શાહી ધારાકીય સમિતિ (ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ)

(B) કારોબારી સમિતિ

(C) વાઇસરોયની સમિતિ

(D) ધારાસભા

44. સ્વાતંત્ર્યપૂર્વે ભારતમાં કેટલી રિયાસતો અસ્તિત્વમાં હતી ?

(A) 663

(B) 562

(C) 625

(D) 521

45. According to the Constitution of India who has the power to declare a financial emergency ?

(A) The President

(B) The Prime Minister

(C) The Finance Minister

(D) The Home Minister

45. ભારતના બંધારણ અનુસાર નાણાંકીય કટોકટી જાહેર કરવાની સત્તા કોને છે ?

(A) રાષ્ટ્રપતિ

(B) વડાપ્રધાન

(C) નાણાંપ્રધાન

(D) ગૃહપ્રધાન

46. Which community gets a special provision for Central Services in Article 336 of the Indian Constitution ?

(A) Sikh community

(B) Muslim community

(C) Jain community

(D) Anglo-Indian community

46. ભારતીય બંધારણની 336મી કલમ અનુસાર કયા સમુદાયને અનુલક્ષીને કેન્દ્ર સરકારની સેવા માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) શીખ સમુદાય

(B) મુસ્લિમ સમુદાય

(C) જૈન સમુદાય

(D) એંગ્લો–ઇન્ડિયન સમુદાય

47. Name the animal or bird that was used as a messenger during the World War I :

(A) Pigeon

(B) Dog

(C) Horse

(D) Fish

47. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે નીચેનાં પ્રાણી કે પક્ષીમાંથી કોનો સંદેશવાહક તરીકે ઉપયોગ થયો હતો ?

(A) કબૂતર

(B) કૂતરો

(C) ઘોડો

(D) માછલી

48. The author of the book *The Abandonment of the Jews* is :

(A) Adolf Hitler

(B) David Wyman

(C) Anne Frank

(D) Woodrow Wilson

48. 'એબેન્ડનમેન્ટ ઓફ ધી જૂઝ' (યહૂદીઓનો ત્યાગ) ગ્રંથના લેખક કોણ છે ?

(A) એડોલ્ફ હિટલર

(B) ડેવિડ વેયમન

(C) એન ફ્રેન્ક

(D) વૂડ્રો વિલ્સન

49. Who was the most successful fighter during World War I ?

(A) Rittmeister von Richthoffen

(B) Rene Franck

(C) Margarette Zelle

(D) Alfred Joubaire

49. પ્રથમ વિશ્વયુદ્ધમાં સૌથી સફળ યોદ્ધો કોણ હતો ?

(A) રિટમાઇસ્ટર ફોન રિશ્ટહોફન

(B) રને ફ્રાંક

(C) માર્ગરેટ ઝેલ

(D) આલ્ફ્રેડ જૂબેર

50. Who is the author of *Indian Shipping—A History of the Sea-borne Trade and Maritime Activities of the Indians from the Earliest Times* (1912) ?

(A) Radhakamal Mukherji

(B) Radha Kumud Mukherji

(C) Brij Narain

(D) R. C. Dutt

50. ઇન્ડિયન શિપિંગ-એ હિસ્ટરી ઓફ ધ સીબોર્ન ટ્રેડ એન્ડ મેરીટાઇમ એક્ટિવિટીઝ ઓફ ધ ઇન્ડિયન્સ ફ્રોમ ધ અર્લિએસ્ટ ટાઇમ્સ (1912) (ભારતીય વહાણવટાનો ઇતિહાસ 1912)ના લેખક કોણ છે ?

(A) રાધાકમલ મુકર્જી

(B) રાધાકુમુદ મુકર્જી

(C) બ્રીજ નારાયણ

(D) આર. સી. દત્ત

SPACE FOR ROUGH WORK

SEAL